મહત્તમ : ૩૫.૦૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૫ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૭-૨૦૨૧, રવિવાર


## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કોરોના વખતે તમને ઘરે લેવા આવતી ગાડી પર ૧૦૮ લખેલું જ હતું, ત્યારે જ તમારે સમજી જવાનું હતું કે પેટ્રોલ ૧૦૮ રૂપિયે થવાનું....!!

# વલાદ ગામે ભેખડ ધસી પડતાં ત્રણ દટાયા : બે નાં મૃત્યુ

## નદી કાંઠે ટ્રેકટરમાં માટી ભરવાનું કામ ચાલુ હતું, તે સમયે અચાનક ભેખડ પડી, ટ્રેક્ટર ડ્રાઈવરનો ચમત્કારી બચાવ,

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર વલાદ ગામે સાબરમતિ નદીના કિનારે ટ્રેકટરમાં માટી ભરવાનું કામ ચાલી રહ્યું હતું. તે સમયે અચાનક માટીની ભેખડ ધસી પડતા કામ કરી રહેલા ત્રણ વ્યકિતઓ માટી નીચે દબાઈ ગયા હતા. જો કે એક વ્યકિત બાજુમાં હોવાથી તેનો ચમત્કારીક બચાવ થયો હતો. જયારે માટી નીચે દબાઈ જવાથી વલાદ ગામના બે વ્યકિતનું કરૂણ મૃત્યું નિપજયું હતું. બનાવની જાણ થતા વલાદ ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામના ઠાકોર વાસ ખાતે રહેતા ભરતજી ડાહ્યાજી ઠાકોર (ઉ.૪૦)તેમજ એડીસી બેંક પાસે રહેતા ૩૨ વર્ષિય મહેશ રસિકભાઈ પટેલ ગામ નજીકથી પસાર થતી સાબરમતિ નદી કિનારે સુધી માટી ભરવા માટે ટ્રેકટર લઈ ગયા હતા. બાદમાં ટ્રેકટરની ઉપરથી માટીની ભેખડ ધસી પડતા ટ્રોલી પર પડી હતી. જેને પગલે ટ્રેકટર પાસે ઉભા રહેલા ચાલકનો ચમત્કારી બચાવ થયો હતો.



માટી ભરવા માટે ટ્રેકટર લઈને ગયા હતા. ટ્રેકટરના ચાલકે કોતર ટ્રોલીમાં માટી ભરવાનું કામ-કાજ ચાલી રહ્યું હતું તે સમયે અચાનક ભરતજી ઠાકોર અને મહેશ પટેલ નીચે દબાઈ ગયા હતા. જયારે

માટીની ભેખડ ધસી પડતા હોહા થતા તાત્કાલીક ગ્રામજનો દોડી આવ્યા હતા અને માટી ખસેડીને બે વ્યકિતઓને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. પરંતુ ભેખડની માટી વધુ હોવાથી જેસીબી દ્વારા માટી દુર કરીને ટ્રેકટરની સાથે ભરતજી ઠાકોર અને મહેશભાઈ પટેલને મૃત હાલતમાં બહાર કાઢવામાં આવ્યા હતા. વલાદ ગામના બે વ્યકિતના અચાનક અવસાનથી ગામમાં શોકનો માહોલ છવાયો હતો. બનાવ અંગે ડભોડા પોલીસને જાણ થતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## ગિયોડ સ્થિત મીની અંબાજી મંદિરે દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટ્યું

અષાઢી પૂનમ-ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં અને ચિલોડા-હિંમતનગર હાઈવે માર્ગ પાસે



આવેલુ શ્રદ્ધાના પ્રતિક સમા ગિયોડ સ્થિત મીની અંબાજી મંદિરે ગુરૂપૂર્ણિમા અને અષાઢી પૂનમ નિમિત્તે માઈભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. આ મંદિર આગળથી નેશનલ હાઈવે માર્ગનું લાંબા સમયથી માર્ગ નવીનીકરણ અને બ્રીજનું કામકાજ ખૂબજ ઢીલી નીતિથી ચાલતુ હોવાથી આજે માનવ મહેરામણથી અને અન્ય પસાર થતા વાહનોથી ટ્રાફિકની સમસ્યા ગંભીર બની હતી. આમ આ શ્રદ્ધાના પ્રતિક સમા અને મુખ્ય પવિત્ર પર્વને લીધે દૂર દૂરથી પગપાળા અને વાહનોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટી પડતાં માઈભક્તોએ સરકારી ગાઈડલાઈન પ્રમાણે મંદિરની વ્યવસ્થાપન કમિટીએ સુચારૂ વ્યવસ્થાનુ પાલન કરી દર્શન દ્વારા ધન્યતા અનુભવી હતી. મા જગદંબા વર્તમાન મહામારીથી સૌનું રક્ષણ કરે તેવી પ્રાર્થના-અર્ચના કરી.

## આજે ઘી ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપન કમિટીની ચૂંટણી યોજાશે

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ચિલોડા (ડ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની તારીખ ૨૫ જુલાઈ-૨૦૨૧ના રોજ યોજાનાર ૧૦ વ્યવસ્થાપન કમિટીના સભ્યોની ચૂંટણીમાં વિકાસ પેનલ અને પરિવર્તન પેનલમાં કુલ ૨૦ ઉમેદવારોએ આ રસાકસીભર્યા ચૂંટણી જંગમાં ઝંપલાવ્યુ છે.

આ ચૂંટણીમાં વિકાસ પેનલમાં ત્રાજવાના નિશાન સાથે જયંતિભાઈ જી. પટેલ, જેસંગભાઈ સી. પટેલ, નટવરજી ગેલાજી ઠાકોર, નિકુંજ વી. પટેલ, પ્રહલાદભાઈ એ. પટેલ, મહેશભાઈ બી. પટેલ, મુકેશભાઈ એસ. પટેલ, રણછોડજી ડી. ઠાકોર, રોહિતજી બી. ઠાકોર તેમજ નાના ખેડૂત તરીકે રમણભાઈ એ. રાવલનો સમાવેશ થાય છે. જ્યારે પરિવર્તન પેનલમાં ગાડાના નિશાન સાથે જગદીશભાઈ સી. પટેલ, પંકજભાઈ એન. પટેલ, પ્રવિણભાઈ રામાભાઈ પટેલ, ભરતભાઈ કે. પટેલ, મહેશભાઈ જી. પટેલ, રાકેશભાઈ પી. પટેલ, શનાજી એ. ઠાકોર, શામળજી એલ. ઠાકોર, સંજયજી આર. ઠાકોર તેમજ નાના ખેડૂત તરીકે કિરીટભાઈ એન. પટેલનો સમાવેશ થાય છે.

આ ચૂંટણીજંગમાં ૫૧૦ સભાસદો મતદાન દ્વારા દરેક મતદારે વ્યવસ્થાપન કમિટીની ચૂંટણીમાં નવ મત આપવા ફરજીયાત છે. ઉપરાંત નાના ખેડૂતમાં એક મત આપવાનો ફરજિયાત છે. કુલ ૧૦ મતનો ઉપયોગ કરવાનો રહેશે. આ ચૂંટણીમાં બંને પેનલના ઉમેદવારો અને સમર્થકો દ્વારા ચૂંટણી જંગ જીતવા ડોર ટુ ડોર પ્રચાર કરી એડી ચોંટીનું જોર લગાવી રહ્યા છે. આમ ૨૫મી જુલાઈ રવિવારે સવારે ૯ થી બપોરે ૪ કલાક સુધી ઘી ચિલોડા દૂધ ઉત્પાદક મંડળી લી.ના મકાનમાં ચૂંટણી યોજાશે.

# મોંઘવારી અને સરકાર વિરૂદ્ધ આમ આદમી પાર્ટીનું શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૪

એક તરફ કોરોના મહામારીના કાળમાં લાંબા લોકડાઉનને કારણે વેપાર-ધંધાને જનતાની વેદનાને વાચા આપવાના ઉદ્દેશથી આજે આમ આદમી પાર્ટી દ્વારા સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે કર્યા હતાં તથા તથા ભાજપ સરકારના નામે છાજિયા લેવા સાથે કટાક્ષયુક્ત સુત્રો લખેલાં બેનરો પ્રદર્શીત કર્યા હતા. આ સમયે




લાગેલા ફટકામાંથી હજુ પણ કળ વળી નથી ત્યાં મોંઘવારી માઝા મૂકવા માંડી છે. દિન પ્રતિદિન પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસ સહિત અનેક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ આસમાન તરફ જઈ રહ્યાં છે જેના કારણે પ્રજામાં આક્રોશ વ્યાપી રહ્યો છે. ચાર વાગ્યાથી વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જેમાં આપ પાર્ટીના જિલ્લા પ્રમુખ તથા શહેર પ્રમુખની આગેવાનીમાં પાર્ટીના હોદ્દેદારો, મનપાની ચૂંટણીના ઉમેદવારો સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી મોંઘવારી અને સરકાર વિરુધ્ધ સૂત્રોચ્ચાર પોલીસતંત્ર દ્વારા પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો પરંતુ આ પાર્ટીના દેખાવકારોએ માત્ર શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરીને કાર્યક્રમ પૂરો કર્યો હતો પરંતુ કોઈ રેલી કે સરઘસ કાઢવા માટે પ્રયાસ ના કરતાં પોલીસે પણ હાશકારો લીધો હતો.

## ખૂણેખાંચરેથી



- ધન્વન્તરી હોસ્પિટલમાં ફરજો બજાવતા ૧૧ જેટલા તબીબી અધિકારીઓ ગાંધીનગર જિલ્લાને ફાળવ્યા છે. આ તબીબી અધિકારીઓને પી.એચ.સી. સેન્ટરો પર ફરજ પર મુકવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા ગઈકાલે સાંસ્કૃતિક સેલની રચના કરાયા બાદ આજે સહકારી સેલ અને તબીબી સેલની રચના જાહેર કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરના સે. ૧ સ્થિત પૂર્વમંત્રી દિલીપ સંઘાણીના નિવાસસ્થાન પાસેના કોમન પ્લોટમાં ભાજપ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની આજે બપોરે બે વાગે સામાન્ય સભા મળશે.
- ગાંધીનગર ખાતે સરકારના રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ તેમજ જિલ્લા યુવા અધિકારીની કચેરી માટે યુવાનોને ઈન્ટરવ્યુ માર્ગદર્શન માટે તાલિમ આપવાના વર્ગો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.
- કોરોનાનું સંક્રમણ ઘટતાં અને આજે રજાનો માહોલ હોવા છતાં શહેરમાં ટ્રાફિકનું ભારણ વધારે જોવા મળ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં ગઈકાલે ગણિત વિષયની બોર્ડની પરીક્ષામાં એક વિદ્યાર્થી કોપી કેસમાં પકડાઈ જવા પામ્યો છે. મોબાઈલ સાથે આ વિદ્યાર્થી સામે કાયદાકીય કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે.
- આગામી ૧લી ઓગષ્ટથી યોજાનાર વિકાસ પર્વના આયોજનની તંત્રએ તૈયારીઓ હાથ ધરી છે.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ધ્વારા ઓનલાઈન "ગ્રાંડ પેરેંટ્સ ડે"ની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ બાળકના વિકાસ માટે મૂલ્ય આધારિત અને હોલિસ્ટિક અપ્રોચમાં નિશ્ચિતપણે વિશ્વાસ રાખે છે. આ વાતને ધ્યાનમાં રાખીને રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ધ્વારા પ્રિ-સ્કૂલના બાળકો માટે ઓનલાઈન "ગ્રાંડ પેરેંટ્સ ડે"ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં તમામ દાદ-દાદી દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી અને વિવિધ પ્રવૃત્તિઓ અને મનોરંજક રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જેનો આનંદ દરેકના ચહેરા પરના સ્મિતોમાં જોવા મળ્યો હતો.

## ડાયાબિટીસ ફ્રી કેમ્પનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સેકટર-૨૩ અરવિંદ કેન્દ્ર અને જિલ્લા એન.સી.ડી. જી.એમ. ઈ.આર. એસ. જનરલ હોસ્પિટલના સંયોજનથી ડાયાબિટીસનો ફ્રી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગ અને વિજ્ઞાનના સમવય ગુજરાત યોગ બોર્ડના ટ્રેનર પારૂલબેન મહેતાએ તેમના માર્ગદર્શન હેઠળ ૮૦ ટ્રેનરોને પ્રમાણપત્રથી સન્માનિત કર્યા હતા અને જીવન જીવવાની શૈલી કેવી હોવી જોઈએ એવુ માર્ગદર્શન આપ્યુ હતુ.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- દંતાણી વીજુબેન બલુબાઈ-૮૨, સે. ૨૮, આદિવાડા
- દેસાઈ જસવંતભાઈ સાંકાભાઈ - ૬૯, સે-૨૬

● રુદ્રભૂમિ ●

- ચોડવડીયા બોઘાભાઈ કાબાભાઈ - ૭૧ - અડાલજ
- પરમાર શાંતાબેન શિખરામભાઈ - ૮૩ - સેક્ટર-૨



કોરોનાથી કંટાળી ગયેલા લોકોની અવરજવર હવે ફેમિલી સાથે ફરવા ઈન્દ્રોડા પાર્ક આવવા લાગ્યા છે. તેમાં પણ ડાયનાસોર પાર્કનું આકર્ષણ તો ખૂબજ નાના બાળકો જે ૨૦૨૦ માર્ચથી ઘરમાં ભરાઈ ગયેલા છે તેમને માટે તો અદ્‌ભુત આકર્ષણ છે. લોકો સોશ્યલ ડીસ્ટન્સ સાથે પોતાના ગ્રુપમાં જોવા મલતા હતા.

## લીંબડીયા ગામ ખાતે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૬ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક લીંમ્બડીયા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૬ જુગારીઓને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસેને દાવ પરથી રોકડા રૂ.૬૭૦ તેમજ અંગજડતી દરમિયાન ૧૨,૦૬૦ મળી આવતા પોલીસે કુલ રૂ.૧૨,૭૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર લીંમબડીયા ગામે ઈન્દીરાનગરમાં ઠાકોર વાસની બાજુમાં ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા ઈસનપુર મોટા ગામના પરેશ પ્રહલાદ પટેલ, ઈસનપુર મોટા પટેલવાસ ખાતે રહેતા દિનેશ રણછોડ પટેલ, વલાદ ગામના વ્યાસવાડા ખાતે રહેતા અનિલ નરસિંહ વ્યાસ, ફિરોજ પુર ગામના શંભુજી મલાજી જાદવ, લીંમ્બડીયા ગામના મનુજી કેશાજી ઠાકોર અને ફિરોજપુર ગામના બાબુજી પુંજાજી જાદવને ડભોડા પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૨,૭૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા અને જાહેરનામા ભંગ હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પેરોલ જમ્પ આરોપીને એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૨૪

મહેસાણા જિલ્લાના અપહરણ તેમજ હત્યાના ગુનામાં અમદાવાદ જેલ ખાતે આજીવન કેદની સજા ભોગવી રહેલા અને પેરોલ જમ્પ થયેલા આરોપીને ગાંધીનગર એલસીબી-૨ ની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સાબરમતી જેલ ખાતે મોકલી આપ્યો હતો.

પોલીસ મહા નિર્દેશક સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગેની સ્પેશ્યલ ડ્રાઈવ રાખવામાં આવી હોવાથી પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જિલ્લામાં પેરોલ-ફર્લો રજા ઉપરથી જમ્પ થયેલા આરોપીઓ અને નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સુચના આપી હતી. જે અન્વયે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા તેમજ પી.ડી.વાઘેલા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની દિશામાં કાર્યરત હતા. તે સમયે એએસઆઈ દિલિપસિંહ બળદેવજીને બાતમી મળી હતી કે કેદી નં.એસ.૧૬૩૪૭ સુમન નટવર પટેલ (રહે ભોંયણ રાઠોડ ટીંટોડા, તા.જી.ગાંધીનગર) મહેસામા જિલ્લાના ખુનના ગુનામાં સાબરમતિ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે આજીવન કેદની સજા ભોગવી રહ્યો હતો. જે વચગાળાના જામીન ઉપર છુટ્યો હતો.

## સરકારી વિજ્ઞાન કોલેજ ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ અંતર્ગત ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજયો

ગુજરાત રાજ્ય વિભાગના કેસીજીના ઉપક્રમે રાજ્યની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓમાં ફિનિશિંગ સ્કૂલ કાર્યરત છે, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં ફિનિશિંગ સ્કૂલ તાલીમ શરૂ કરતા પેહલા વિદ્યાર્થીઓને આ તાલીમનું મહત્વ અને ઉપયોગીતા વિશે જાણકારી આપવા બાબતે ઓનલાઈન વેબિનારના માધ્યમથી ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન ૨૨ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. મહેન્દ્ર જી. ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ફિનિશિંગ સ્કૂલની તાલીમ વિશે માર્ગદર્શન અપાયુ. વેબિનારમાં કેસીજી દ્વારા નિયત કરાયેલા ટ્રેનર કુ. માયલિંગ બીલપોડીવાલા અને સુદીપ ફર્નાન્ડિઝ દ્વારા જીવન કુશળતા, રોજગારની આવડત અને અંગ્રેજી કાર્યકારી કુશળતા (Life skills, employability Skill and english functional skill) વિકસિત કરવાથી કેવી રીતે સમગ્ર વિકાસ આ તાલીમથી થાય એ વિશે ઉદબોધન કરવામાં આવ્યું. ફિનિશિંગ સ્કૂલ સમિતિના પૂર્વ કો ઓર્ડીનેટર ડો. યોગિતા પરમારે એમના છેલ્લા બે વર્ષ ના અનુભવ શેર કર્યા. આ કાર્યક્રમમાં સમિતિના સહ કો ઓર્ડીનેટર ડો. રાજેશ મારુ અને સભ્યો ડો. કિરણબેન નિમાવત, ડો. દિપ્તીબેન મહેતા, જયશ્રીબેન પંડ્યા હાજર હતા તેમજ કોલેજના અધ્યાપકો, કર્મચારીઓ અને આશરે ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કો-ઓર્ડીનેટર ડો. જયંતીબેન રાજોરાએ ભાવિ તાલીમ વિશેની મહત્વપૂર્ણ માહિતી સાથે આભારવિધિ આપી હતી. ડો. શીતલબેન પીઠવાએ આ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

## સરકારી વિનયન કોલેજમાં ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

કોવિડના ઉપક્રમે જાણીતા ડાયટીશિયન ડૉ. જાનકી પટેલનું 'કોરોના બાદ સ્વાસ્થ્ય, પોષણક્ષમ આહાર અને રોગ પ્રતિકારક શક્તિ' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન યોજાયુ હતુ. રસીકરણ ઉપરાંત યોગ્ય આહાર કોરોના જેવી મહામારીથી બચવાનો એક માત્ર વિકલ્પ છે. ત્યારે કેવા પ્રકારના ખોરાકનો સમાવેશ કરવો જોઈએ એ અંગે વિસ્તૃત સમજ આપી હતી. આચાર્ય ડૉ. અનુપા ચૌહાણે વક્તાને આવકાર આપ્યો હતો. કન્વિનર ડૉ. જોલી દેસાઈએ સંસ્થામાં થતી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, અધ્યાપકો જોડાયા હતા.

## ગાંધીનગરમાં ૨૯મીએ ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોષ્ટ ઓફિસ ગાંધીનગર સેક્ટર-૧૧ ખાતે તા. ૨૯-૭-૨૦૨૧ના રોજ ૧૧ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની ફરિયાદો સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોષ્ટ ઓફીસ સેક્ટર-૧૧ને મોડામાં મોડી ૨૬મી સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

ટચૂકડી જાહેર ખબર
વેચવાનો છે
ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ
૧૦૦ ચોરસવાર, સેક્ટર-૨૨, ગાંધીનગર. લોન પેપર ઉપલબ્ધ
મો. ૯૪૨૬૩ ૬૭૦૧૯
મો. ૯૧૨૬૪ ૪૦૩૦૧

## જન્મદિને વધામણી



અશ્વિન જે જાટીયા
સેકશન અધિકારી, સા.વ.વિભાગ, સભ્ય, આહિર યુવા ફોરમ ગાંધીનગર



ચીમનલાલ એમ પટેલ
મો. ૯૭૧૨૭ ૩૪૬૯૦



પ્રદિપકુમાર આર. સુખડીયા
મો. ૯૪૨૮૮ ૩૩૨૯૨



ઉમંગ રમેશભાઈ પરમાર



હેતલ કે પ્રજાપતિ



ચાર્વી નિમેષકુમાર પટેલ
મો. ૯૯૯૮૭ ૨૦૫૨૪



મિવાન ભાવેશકુમાર આગજા



મિતેષ માલજીભાઈ રબારી



તૃષિલ જિજ્ઞેશકુમાર ગજ્જર



પ્રિન્સ પટેલ
મો. ૭૯૯૦૭ ૦૨૨૨૭